ગાંધીનગર સમાચાર



## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

મનની શાંતિ, સ્વસ્થ શરીર - લાવી દિવાળી,
ભૂલી વેરઝેર, ઝેર સ્નેહ, આવી દિવાળી
છલકે પ્રેમ, વિનયી ભાષા, આવી દિવાળી
હૈયે પ્રગટાવો નવી આશા આવી દિવાળી

### હાઈકુ

દિલમાં દીવો
ને પ્રેમનો પ્રકાશ
દિવ્ય દિવાળી

હૃદયપૂર્વક
દિવાળી મૂબારક -
સૌને શુભેચ્છા

### ચિંતન

*યેન નારાધિતો દેવો યસ્ય નો ગુર્વનુગ્રહ : ।*
*ન વશ્યં હૃદયં યસ્ય તસ્ય શાન્તિર્ન સિધ્યતિ ॥*

**ઉપરોક્ત શ્લોક 'શાંતિસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.**

**જેણે દેવ પરમાત્માને આરાધ્યા નથી, જેના પર ગુરુની કૃપા નથી અને જેનું હૃદય વશ નથી, તેને શાંતિ સિદ્ધ થતી નથી.**

**'ગુરુ' સાચા માર્ગદર્શન છે જીવ-જીવનનો સાચો હેતુ સમજાવે છે પૂર્વજન્મોના સંસ્કારથી જ ગુરુ મળે છે. ગુરુને વ્યક્તિ તરીકે નહીં પણ પરમ તત્ત્વના અંશ તરીકે જોઈ સ્વીકારી અનુસરવા જોઈએ. સર્વ સમર્પણ દ્વારા જ 'આત્મા'ને પરમ શાંતિ મળે છે.**

### સુવિચાર

- જળના એક બિંદુમાં જેટલો પરમાત્મા છે તેટલે જ સિંધુમાં છે તેવું સમજે તે જ્ઞાની. આવી જેની સમદૃષ્ટિ હોય તે જ્ઞાની - **જયદેવ માંકડ**
- જયાં કર્તાભાવ છે ત્યાં પરધર્મ છે. પરધર્મનું ફળ છે સંસાર - **આપ્તસૂત્ર**
- જે જ્ઞાનથી સંસાર છૂટી જાય એ આત્મજ્ઞાન કહેવાય અને એ જ્ઞાન વપરાય તે ઘડીએ પ્રજ્ઞા કહેવાય - **ડો. નીરુબેન અમીન**
- જેનાથી અજ્ઞાન ઘટે તે 'જ્ઞાન', 'જ્ઞાન' ક્રિયાકારી હોય, શાસનજ્ઞાન ક્રિયાકારી ના હોય. 'અનુભવ જ્ઞાન' ક્રિયાકારી હોય - **બોધીવૃક્ષ**
- જે પેઢીની વૃદ્ધ વ્યક્તિઓ યુવાનોની વાત માને એછે તે પેઢી ધન્ય છે, પણ જે પેઢીના યુવાનો વૃદ્ધોની શિખામણ કાને ધરે છે એ પેઢીને બમણો ધન્યવાદ છે - **મધર ટેરેસા**
- ઘરડી આંખ અને ઘરડું મગજ એ નિર્બળતાની નિશાની છે, પણ ઘરડી જીભ એ અનુભવ ને સંસ્કારે, બળમાં કળમાં દુર્જેય છે - **જ્યોતિન્દ્ર દવે**
- આજનું ઔષધ : અડદનો બારીક લોટ જીભ ઉપરના ચાંદા પર રાખી પાંચ મિનિટ પછી થૂંકી નાખવાથી ચાંદા તરત રૂઝાઈ જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઝેન ગુરુ સાકોરી કાજુન એક વાર ધ્યાનમાં બેસવાની તૈયારી કરતા હતા. એવામાં એક તલવાર સાથે આવ્યો એણે કહ્યું, 'તમારા પૈસા મને આપી દો.' ગુરુએ કહ્યું, 'જો પેલાં કબાટમાં પૈસા છે તે લઈ લે પણ મને હવે ધ્યાનમાં બેસવા દેજો.' પછી તરત ગુરુએ ચોરને કહ્યું, 'અરે ભાઈ જરા ઊભા રહે, બધા પૈસા લઈ ન જઈશ કારણ કે એમાંથી આવતીકાલે મારે રાજાને ટેક્સ ભરવાનો છે.' ચોર બી સમજુ હતો એણે થોડા ઘણા પૈસા બાકી રાખી ચાલવા માંડ્યુ. ત્યારે ગુરુએ કહ્યું, 'તને જયારે ભેટ મળે ત્યારે ભેટ આપનારનો આભાર માનવાનું ન ભૂલવું જોઈએ.' ચોરે ગુરુનો આભાર માન્યો અને વિદાય થયો. થોડા વખત પછી ચોર પકડાયો એણે પોતાના બધા ગુના કબૂલ્યા જેમાં ગુરુ સાકોરીને ત્યાં કરેલી ચોરીનો પણ ગુનો કબૂલ્યો. જયારે ગુરુ સાકોરીને રાજાએ સાક્ષી માટે બોલાવ્યા ત્યારે એમણે જણાવવ્યું કે, 'જયાં સુધી મને નિસ્બત છે ત્યાં સુધી આ માણસ ચોર નથી. કારણ કે મેં જ એને સામેથી કબારમાંથી પૈસા લઈ લેવા સૂચના આપી હતી જે લીધા પછી તેણે મારો આભાર પણ માનેલો.' જેલમાંથી છૂટ્યા પછી ચોર ગુરુ સાકોરીનો શિષ્ય થઈ ગયો.

# અંદરનો અંધકાર ઉલેચવાનું પર્વ

*તંત્રીસ્થાનેથી...*

દીપોત્સવી જરા વરણાગિયો શબ્દ છે. દીપાવલી ઉપરથી ઊતરી આવેલ 'દિવાળી' જ આપણને હોઠવગો અને પ્રિય તહેવાર છે. દિવાળીએ ભારત વર્ષનો સૌથી મોટો અને વિશ્વ પ્રસિદ્ધ મહોત્સવ છે. દિવાળી દીવા પ્રગટાવવાનું પર્વ છે. આ અજવાળાંનો ઉત્સવ છે, પ્રકાશનું પર્વ છે અને આપણી ભીતર પ્રસરી ગયેલા અંધકાર સામેના વિજયની ઉજવણીનું પ્રતીક છે. દિવાળી એટલે વિક્રમ સંવતનો અંતિમ દિવસ. વળતા જ દિવસથી નવું વરસ બેસે. એ દૃષ્ટિએ દિવાળી એક રીતનો વાર્ષિકોત્સવ છે. એ આખા વરસનું સરવૈયું જ છે. વેપારીઓ તે દિવસે જૂના ચોપડા અભેરાઈએ ચડાવી નવા ચોપડા પૂજે છે. ચોપડા પૂજન પણ લક્ષ્મીપૂજનનો જ એક ભાગ છે. જીવનના ચોપડા સતત ચિતરાતા રહે છે અને એ સતત બદલાતા પણ રહે છે. આખરે સમય એ સમય છે - સતત વહેતો રહેતો હોઈ એને પકડવો અઘરો છે. પરંતુ દર દિવાળીએ આપણને એની સિફતપૂર્વક સરી જવાની ચાલાકીનો અહેસાસ જરૂર થયો હોય છે. દીપોત્સવ પર્વના પ્રારંભ સાથે ઘણી કથાઓ અને દંતકથાઓ સંકળાયેલી છે. કોઈ એને ભગવાન રામચંદ્રજી એ લંકાવિજય કરી અયોધ્યાપ્રવેશ કર્યો એની ઉજવણી સ્વરુપે શરૂ થયેલી પરંપરા માને છે તો કોઈ એને દયાનંદ સરસ્વતીની પુણ્યતિથિ તરીકે ઊજવે છે. દીવો આખરે પ્રકાશનું પ્રતીક છે અને એનું કામ જ અંધકારને વિદારવાનું છે. આ અંધકાર પણ અનેક સ્વરુપે વિસ્તરેલો છે. એમાં સૌથી ભયંકર અંધકાર આપણા અંતઃકરણમાં પ્રસરેલી કુત્સિત એષણાઓનો છે. મદ, મોહ, લોભ, માયા-મત્સર અને કામ-ક્રોધ જેવા દુશ્મનોએ માનવીના મન રૂપી કિલ્લા પર કબજો જમાવેલો છે. એ ષડ્‌રિપુઓને સંહારી પ્રજ્ઞાનો પ્રકાશ પાથરે એ સાચી દિવાળી. એવી દિવાળી જ લક્ષ્મીના શાશ્વત નિવાસ માટેનું નિમંત્રણ બની શકે. દિવાળીમાં હિસાબો સરભર કરી દેવાના હોય. આ હિસાબો ફક્ત રૂપિયા-આના-પાઈના જ ન હોય. રાગદ્વેષ અને વેરઝેર પણ વિદાય લેતા વર્ષ સાથે, એની 'અળશ' ની જેમ વાળીઝૂડીને ફેંકી દેવાય એ જ ઈષ્ટ છે. ફટાકડા ફોડીને આખરે તો માનવી પ્રકૃતિને જ પડકારતો હોય છે. દીવા પ્રગટાવીને એ અમાસનાં અંધારાં ઉલેચવાની ચેષ્ટા કરે છે. પરંતુ પ્રકાશ પર્વને દારૂખાનાની દુર્ગંધથી પ્રદૂષિત કરવામાં નરી મૂર્ખતા બલકે બાલિશતા જ છે. કયારેક એથી દાઝી જવાના પ્રસંગો બને છે તો કયારેક આતશબાજી આગમાં પલટાઈ જતી હોય છે. દેશમાં દરેક ઘર દિવાળી ઊજવી શકે એવો દિવસ ઊગવો હજી બાકી છે. એ માટેનો પુરુષાર્થ જારી રાખવાની સૌને સદ્‌બુદ્ધિ સાંપડે એવી પ્રાર્થના કરીએ. સૌને દિવાળીની અંતઃકરણની પ્રકાશ-કામનાઓ!

# ઈસીકા નામ જિંદગી...

નવાં કલેવર
નટવર હેડાઉ

વહુ કંઈ ખાવાનું હોય તો...?

'ઓહો, સવારે દસ વાગે તો તમે રાબ પીધી છે. મારા બે હાથ છે. દિવાળીના તહેવારમાં ઘરમાં કેટલા કામ છે. તેમાં જો તમારી પાછળ રહું તો બધું થાય કયારે ? રસોડું કંઈ ફેકટરી તો છે નહીં કે ચોવીસે કલાક ચાલતું રહે.'

ઝાટકણી કાઢી નાંખતો સ્વર સાંભળીને વૃદ્ધ સંકોચ સાથે પોતાના ઓરડામાં જતા રહ્યા. વાસણો માંજતા માંજતા નોકરાણીએ જોયું કે ડાયનિંગ ટેબલ પર કેટલા સુકા મેવા, ફળફળાદી અને ફરસાણ પડ્યાં છે. વાસી થઈ જતાં કે પડ્યાં પડ્યાં સડી જતાં આ બધા ફેંકી દેવામાં આવે છે. છોકરાઓ તો તેની સામે પણ જોતા નથી. પણ દાદાજીને મોંમાં દાંત નથી. તેથી તેમના માટે તો ખીચડી કે રાબ સિવાય કંઈ કામ લાગે એમ નથી.

નોકરાણીને એક ઉપાય સુઝ્‌યો તેણે એક મુઠ્ઠી સૂકોમેવો રસોડાના પ્લેટફોર્મ પર ભૂક્કો કરી, એક પાકું કેળું જોઈ મસળી તેમાં તોડું દૂધ નાંખી દાદાજીને પકડાવી દીધું. તે સબડકા લઈને ખાવા લાગ્યા.

હવે તો રોજનો નિયમ થઈ ગયો. નોકરાણી આ સ્વાદિષ્ટ મીઠી વાનગી બપોરના સમયે વહુ બેઠકરૂમમાં ટી.વી સામે ચોંટેલી હોય ત્યારે દાદાજીને આપી દેતી. કયારેક બાળકો જોઈ જતાં તો વિચારતાં કે દાદાજીનો આઈક્યુ કેટલો ઓછો થઈ ગયો છે કે મમ્મીની જગ્યાએ નોકરાણી પાસે કંઈનું કંઈ માંગીને ખાઈ લે છે.

નોકરાણી વિચારતી કે મારે તો નોકરી પણ આ, ને જિંદગી પણ આવી જ. કચરા પોતા ને વાસણો ઘસતાં ઘસતાં કયારે જીવ જતો રહેશે તેની કંઈ ખબર નથી. તો થોડું પુણ્યનું કામ શું કામન કરી લેવું.

વહું વિચારતી કે સસરાજીને ધમકાવ્યા કે કંઈ બોલ્યા વિના સીધા રહે એમ નથી. એ હવે કંઈ માંગતા જ નથી. મેં કેવી આદત છોડાવી દીધી છે.

સાંજે ઓફિસથી ઘેર આવેલ દીકરો વિચારતો કે બાપુજીની તબિયત હવે સુધરવા લાગી છે. વહુ તેનું ખૂબ જ સરસ ધ્યાન રાખે છે. હવે તે કંઈ ફરિયાદ પણ કરતા નથી.

ખુદ દાદાજી વિચારતા કે હવે આ બધું વિચારીને શું કરવાનું વિચારવા અને સમજવા જેવું જીવનમાં કંઈ રહ્યું જ નથી. બસ દિવસો પસાર કરવાના છે.

તહેવારોની ઝાકઝમાળની સાથે જિંદગીનું એક વર્ષ વીતી ગયું. નવું વર્ષ શરૂ પણ થઈ જશે. જીવનમાં આવું જ ચાલવાનું તેમાં વધુ કંઈ વિચારવાનું હોય જ નહીં. એ ઓરડાની બારીમાંથી બહાર જોતા હતા. વાહનો અને લોકોની અવરજવર હતી. નાનાં બાળકો ફટાકડા ફોડતાં હતાં. તે દરમિયાન તેમના એક સમવયસ્ક ઓરડામાં પ્રવેશ્યા અને બોલ્યા, 'દિવાળી અને નવા વર્ષની શુભેચ્છા.'

તે અનિમેષ નજરે આવતીકાલના સૂરજને ઉગવાની રાહ જોતા પૂર્વના આકાશ તરફ મીટ માંડી જોઈ રહ્યાં.

# સમતાભાવ

થોટ
નટવર આહલપરા

બધા પ્રત્યે સમાન ભાવ રાખવો તેને સમતાભાવ કહેવાય છે અને કોઈના માટે રાગ, દ્વેષ ન રાખવો તેને પણ સમતાભાવ રાખવો એમ કહેવાય છે. કેટલાક લોકો અજાતશત્રુ હોય છે. આવા સજ્જનોના કોઈ શત્રુ જ હોતા નથી. તેમને કોઈ પણ દુશ્મન હોતા નથી. માટે સૌ સાથે સમતાભાવ રાખીએ.

સૃષ્ટિ ઉપર બધા સાથે સમતાથી રહેતા લોકોનો સમતાભાવ અનેરો હોય છે. આવા સજ્જનોના દર્શન માત્રથી પુણ્ય પ્રાપ્ત થાય છે, કારણ કે સંતપુરુષનો સમતાભાવ સાક્ષાત તીર્થ સ્વરુપ હોય છે. તીર્થયાત્રા કરનારને પણ યોગ્ય સમયે જ ફળ મળે છે. જયારે સમતાભાવ રાખનારા સંતમહાત્માના સત્સંગથી તત્કાળ લાભ થાય છે.

આમ જોઈએ તો સમતુલા એટલે સમતોલ હોવાપણું એમ થાય. સમત્વ-બુદ્ધિનો અર્થ પણ સમતાભાવને સમર્થન આપે છે. જેમ કે રાગ-દ્વેષ વગેરે દ્વંદ્વોના અભાવવાળી રમજ. જયારે સમતાભાવ, સમદર્શિતા પણ આપણને ઘણું સૂચવે છે : નિષ્પક્ષપાતી વલણ. સમત્વ બુદ્ધિમાંથી જ સમતાભાવ જન્મે છે.

તુલસીદાસજી કહે છે કે -
દુર્જન સંગ ન દેહ વિધાતા।
ઈસ સે ભલો નરક કા વાસા॥

દુર્જન સાથે મિત્રતા કરવા કરતાં નર્કનો વાસ સારો. પણ બધા પ્રત્યે સમતાભાવ રાખનારા ઋષિ સંત, મહાત્માનો ભાવ જ શાલિન હોય છે. એમને મન કોઈ નાનું કે મોટું હોતું નથી. ઊંચ કે નીચ હોતા નથી. માત્ર સૌ પ્રત્યે સમાનભાવ જ હોય છે.

એકને ગોળ, બીજાને ખોળ એવું સમતાભાવ રાખનારા સજ્જનના મનમાં હોતું જ નથી. એમની સ્થિતિપ્રજ્ઞતા, નિઃસ્પૃહીતાને વંદન કરવા જ ઘટે!

# દીપાવલી : સંબંધોને દિવ્ય અને ચેતનવંતુ બનાવવાનું પણ મહામૂલું પર્વ છે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

આપણે સૌ જાણીએ છીએ એમ ભારતીય સમાજમાં ઉજવાતા બધા જ તહેવારોમાં દીપવાલીનું આગવું અને વિશેષ મહત્વ છે. પ્રકાશનું પર્વ એવા દીપાવલીના પર્વમાં દીપમાળાઓના પ્રકાશમાં સઘળું ઝળહળ થાય છે અને સૌ કોઈના જીવનમાં પ્રકાશ ફેલાય છે. આ પર્વ માત્ર લોકોના ઉત્સાહને જ નહીં પરંતુ માનવીય સંબંધોને પણ એટલા જ પ્રજલ્વિત કરે છે.

બીજા તહેવારોની જેમ જ દીપાવલીનું પર્વ સૌ કોઈને સાથે મળીને ઉજવવાનું પર્વ છે. કુટુંબનું કોઈપણ કુટુંબીજન દેશના કોઈપણ ખૂણે રહેતું હોય, આખા વર્ષ દરમિયાન કદાચ કોઈ કુટુંબીજનને મળવાનો અવસર પ્રાપ્ત ના થયો હોય કે સંજોગવશાત એકબીજાને મળવાનું શક્ય ના બન્યું હોય તો પણ દીપાવલીનો તહેવાર એવો છે કે માત્ર દેશમાથી જ નહીં પરદેશથી પણ લોકો પોતાના માદરે વતન, પોતાના કુટુંબ સાથે પર્વની ઉજવણી કરવા માટે ઉત્સુક હોય છે. પોતાના વ્યવસાય બંધ કરીને, નોકરીથી રજાઓ લઈને, ગમે તેટલો ખર્ચ કરીને પણ દીપાવલિના તહેવારોની ઉજવણી માટે પોતાના કુટુંબ સાથે જોડાઈ જતાં હોય છે.

સતત પાંચ દિવસ ઉજવાત આ તહેવારો દરમ્યાન મોટા ભાગના લોકો પોતાના ઘેર, પોતાના કુટુંબ સાથે પોતાના સ્નેહીજનો અને આપ્તજનો સાથે ઉજવવાનું અને માણવાનું પસંદ કરતાં હોય છે. દીપાવલી જેવો તહેવાર કુટુંબીજનો સાથે ઉજવવાની પાછળના કારણોમાંનું એક મહત્વનુ કારણ એ હોય છે કે પોતાના કુટુંબીજનો સાથે બે-પાંચ કે સાત દિવસ સાથે રહેવાય, સુખ-દુઃખની વાતો થાય, સાથે મળીને કૌટુંબિક પ્રશ્નોનાં નિરાકરણ થાય અને કુટુંબને લગતા ભવિષ્યના આર્થિક, વ્યવસાયિક કે સામાજિક આયોજનો થતાં હોય છે. તહેવારો દરમ્યાન કુટુંબીજનો એક સાથે લાંબો સમય રહેતા હોય, પ્રશ્નોની વિશદ ચર્ચા વિચારણા થતી હોય છે, નિર્ણયો લેવાતા હોય છે જેને કારણે પછીના સમયમાં તેના અમલીકરણ સમયે કોઈ સાસયાઓ આડે આવી ના શકે.

તહેવારો નિમિત્તે જરૂરી કપડાં, ઘરેણાં, મીઠાઈ, ફટાકડા, ગૃહ



સજાવટ ને લગતી બધી જ ચીજ વસ્તુઓની ખરીદી પણ મોટે ભાગે કુટુંબીજનો સાથે મળીને અને તેઓની પસંદગી પ્રમાણે થતી હોય છે જેને કારણે કુટુંબીજનો વચ્ચે આત્મીયતા વધે છે.

રાત્રે મોડે સુધી સાથે મળીને ફટાકડા ફોડવાની મોજ માણવી, શહેરની રોશની નિહાળવી, મોડી રાત્રે ગરમ નાસ્તાની જયાફત ઉડાડવી, સવારે વહેલા ઊઠીને સૌની સંગાથે રંગોળીઓ પૂરવી, દિવસના દેવ-દર્શન કરવા, આ બધાજ પ્રકારની ઉજવણીને કારણે કુટુંબીજનો સતત સાથે રહે છે તેને કારણે, એકબીજાના ગમા-અણગમા નો ખ્યાલ આવે છે, એકબીજાને વધારે નજીકથી સમજી શકાય છે અને સંબંધો વધારે મજબૂત બને છે.

વર્તમાન સમયમાં જયારે નોકરી કે વ્યવસાયને કારણે સંયુક્ત કુટુંબો વિભક્ત થઈ રહ્યા છે તેને કારણે નાના બાળકો અને તરુણો પોતાના માં-બાપ સિવાયના કુટુંબીજનોના સ્નેહ, પ્રેમ, માર્ગદર્શનથી વંચિત થતાં જાય છે. કેટલાક બાળકોને તો સંયુક્ત કુટુંબના સંબંધીઓના નામની જ ખબર નથી હોતી, તો પછી એ સંબંધો વિષે તો કહેવું જ શું? દીપાવલીના તહેવારો નિમિત્તો સંયુક્ત પરિવારના મોટા ભાગના સભ્યો મળે છે અને સાથે રહે છે તેને કારણે બાળકોને એ સંબંધોની જાણકારી થાય છે અને તેઓના પ્રેમ અને સ્નેહની હુંફ મળે છે. સંબંધોને કેમ જાળવવા અને નિભાવવા એવા એક પ્રકારના સંસ્કારોનું સિંચન બાળકોમાં થાય છે. આ વાત માત્ર બાળકો પૂરતી જ સીમિત ના રહેતા કુટુંબમાં આવેલી નવવધૂઓને પણ એટલી જ લાગુ પડે છે. તેઓમાં પણ આ તહેવારોને કારણે કુટુંબભાવના ખીલે છે અને કુટુંબના કેટલાક વારસાગત સંસ્કારોનું નવવધુઓમાં સિંચન થાય છે. કુટુંબના પરંપરાગત વારસાને આગળ ધપાવવા માટે તેઓને એક પ્રકારની તાલીમ મળે છે.

લક્ષ્મીપુજન, સમૂહમાં ફટાકડા ફોડી ને માણવામાં આવતો આનંદ, નવા વર્ષના સ્નેહ મિલન વિગેરે પ્રકારની ઉજવણીને કારણે માત્ર કુટુંબીજનો જ નહીં પણ પાડોશીઓ, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો અને જ્ઞાતિ કે સમાજના લોકો પણ એકબીજાને હળેમળે છે જેને કારણે સૌ કોઈ સાથેના સંબંધો તાજા થાય છે અને લોકો એકબીજાની વધારે નજીક આવે છે.

ક્યારેક કૌટુંબીક કે અન્ય સંબંધોમાં વર્ષ દરમ્યાન કોઈ જ કારણોસર નાના મોટા ખટરાગ ઊભા થઈ ગયા હોય, બે કુટુંબીજનો કે સંબંધીઓ વચ્ચે એક તનાવ ઊભો થઈ ગયો હોય તો દિવાળી પર્વ નિમિત્તે સાથે રહેવાથી, ચર્ચા કરવાથી, ખટરાગ પડવાના કારણોનો ઉકેલ લાવવાથી અથવા તો સાથે ઉજવણીઓ કરીને આનંદ માણવાથી પણ એ તણાવ નાબૂદ થઈ શકે છે અથવા તો ઓછો થઈ શકે છે. આવું જ પાડોશીઓ કે અન્ય સ્નેહી સંબંધીઓ સાથે પણ થઈ શકે છે.

દિવાળી કે નુતન વર્ષ નિમિત્તે વડીલો દ્વારા પોતાના કુટુંબીજનો, સ્નેહીઓ અને સંબંધીઓ ને ભેટ સોગાદો આપવામાં આવે છે. આ ભેટ સોગાદોની કિંમત કઈ પણ હોય એ મહત્વનુ નથી પણ એ ભેટ સોગાદો આપવા પાછળ જે એક પ્રેમ અને સ્નેહભાવ હોય છે તેનું મૂલ્ય વધારે હોય છે. પ્રેમથી આપેલી અમુલ્ય ભેટ-સોગાદોને કારણે સ્નેહબંધનો ગાઢ બને છે, વડીલો પ્રત્યેનો આદરભાવ વધે છે.

દિપાવલીનું પર્વ માત્ર દીપમાળાઓને પ્રગટ કરવાનું જ નહીં પણ માનવીય સંબંધોને પ્રજલ્વિત કરીને, તેમાં ચેતના પ્રગટાવીને, પ્રકાશીત કરવાનું, સંબંધોને ઉજાળવાનું, સંબંધોને દિવ્ય અને ચેતનવંતુ બનાવવાનું પણ મહામૂલું પર્વ છે.

# ઉઝડા હુઆ ગુલશન રોતા હુઆ માલી - યે હૈ દિવાલી !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

સમય એ જ ઈશ્વરની ખરી કમાલ છે. સમયના બધા જ પરિવર્તન સમાજને સ્પર્શે છે અને તે દ્વારા લોકોને વિવિધ અહેસાસ થતા રહે છે. ચોમાસું વિતી જાય પછી ક્રમબદ્ધ તહેવારોની શરુઆત થઈ જાય છે. ગણપતિજીની સ્થાપના પછી વિસર્જન ત્યારબાદ મા જગદંબાની ઉપાસના આરાધના અને તપનો નવરાત્રીનો તહેવાર પછી શરદપૂનમ અને આસો માસના અંતે દિપાવલી ! દિવાળી એટલે દિપાવલી - નવા દિવસો, નવી આશાઓ, પ્રકાશમય જીવન પરત્વે જવાનો સામુહિક સંકલ્પ આ બધાની સાથે મન અને ભાવુકતા ના સંગે ઉર્મિઓમાં નવો સંચાર જે મીઠાઈઓ સાથે સૌ અનુભવે ઉપરાંત ફટાકડા, સર્વત્ર રોશની, હર્ષ ઉલ્લાસનું વાતાવરણ એટલે પ્રકાશપર્વ અર્થાત્ દિપાવલી. આ મહાપર્વ સદીઓથી ઉજવાઈ રહ્યું છે અને પ્રતિવર્ષ સૌ તેને મનાવે જ છે છતા હવે દિવાળી આવી જાય



છતાં તન-મન-દિલમાં કશો સાચુકલો આનંદ કે ઉત્સાહ દરેક વર્ષે કમ થતો જાય છે અને કડવી વાસ્તવિકતાની નોંધ લેવી ઘટે. ભારત ખેતી પ્રધાન રાષ્ટ્ર છે એટલે જ કૃષિક્ષેત્રને સમૃદ્ધ કરી શકે તેવું ચોમાસું જો આવે તો જ પૂરા દેશમાં તહેવારોના ઉમંગમાં દોરીસંચાર થતો હોય છે. અન્યથા ઉત્સાહ વિના માત્ર ઔપચારિકતાથી દિપાવલી આવે અને સમયની સાથે જતી પણ રહે છે ! દિવાળીનાં દિવસોમાં ઘર ઘર દીવડા થાય, ફટાકડાં તો ફટ ફટ ફૂટે અને બાળક બહુ હરખાય તેવું કહેવામાં આવે છે. વર્ષો પહેલા દિવાળી પર્વનું મહત્ત્વ પુષ્કલ જોવા મળતું. લોકો પાસે દિલના આનંદ માટે જગ્યા દિવાળીના કારણે ઊભી થઈ જતી પરિવારો સંયુક્ત હતા. મકાનો કાચાં હતા પણ વચનો પાકા અને નક્કર હતા.

જળવાયુ પ્રદૂષણનું નામોનિશાન ન હતું અને ખાવાપીવાની ચીજોમાં અતિ શુદ્ધ હતી, લોકોની લાગણીઓ નિર્મળ અને સાચી હતી, આ બધાને લીધે દિવાળીના દીવડા દિલમાં પણ રોશની ફેલાવી શકતા હતા. પારસ્પરિક માન, જ્ઞાતિજાતિનું ઐક્ય, વ્યવહારોમાં સાદગી અને નિર્દોષતા છલકતી એટલે તહેવારોની મજા ઓર હતી ! સમય જતાં વસ્તી વધી, ગ્લોબલ વોર્મિંગ વધ્યું, પ્રદૂષણ વધ્યું, વર્ષાનું પ્રમાણ સતત્ ઘટી ગયું આ બધાના કારણે કૃષિક્ષેત્રની રોનક ઘટી આ ઉપરાંત ગામડાઓ તૂટી ગયા - શહેરીકરણ વ્યાપક થયું. રામરાજયનાં સ્વપ્નાઓનું કચુંબર થઈ ગયું જેની શરુઆત દિપાવલીના દિવડાઓથી થતી હોય છે. સર્વત્ર સદ્‌ગુણોનું સામ્રાજય એ સુંદર જીવનની પૂર્વશરત હોય છે ત્યાં જ સૌથી મોટી આપત્તિ આવી ગઈ છે. સામાજિક જીવનમાં તનાવ, અપ્રામાણિકતા, અસત્ય, પ્રપંચ, દંભ, ક્રૂરતા જેવી નકારાત્મકતા વધી જતા ઉત્સવોની પરંપરા રહી પરંતુ આનંદ લુપ્ત થઈ ગયો છે. ગુલશન ઉજ્જડ થઈ જાય પછી તેનું જતન કરનાર માળી રડે જ અને તહેવારો માત્ર કેલેન્ડરમાં જોઈ શકાય ! દિવાળીનું પર્વ હૃદયનાં ભાવો સંગાથે અવિરત જોડાયેલં છે પરંતુ હૃદયમાં ભારોભાર ઉદ્‌વેગ - ઉચાટ ભર્યો છે તેથી લોકજીવનમાં આનંદ જણાતો નથી. કૃષિલાયક જળ મળ્યું નહીં, નદીઓ પ્રદૂષિત થઈ ગી છે પાક વિફળ થયા છે. પીવાના પાણીની પણ તંગી ઊભી થઈ છે આ કારણોસર તહેવારનો મૂળભૂત ઉમંગ નાશ પામી ગયો છે. પેટ્રો પદાર્થના વધતા ભાવો, વધતી ભણવાની ફી, બેરોજગારીના કારણોથી જનજીવનમાં ચેતના ઘટી છે ! જીવનમાં પ્રકાશનું મહત્ત્વ છે કેમ કે દેહના પંચ મહાભૂત તત્વોમાં તેનો પણ સમાવેશ છે. પ્રકાશ લાવવો એ પ્રામાણિક પુરુષાર્થ છે અને જીવનમાં પ્રકાશ વ્યાપે તો અજ્ઞાનતા આધારિત દૂષણો હટી જાય આથી એક નવો ઉત્સાહ પ્રગટ્યો હોય છે. દિવાળી એ જીવન આનંદની એક પરિભાષા છે!

દિવાળી વખતે સાફસફાઈ ચાલે છે પ્રત્યેક ઘરમાં જૂની ચીજવસ્તુઓ, સંગ્રહ કરેલી ચીજો, આ બધાની સમીક્ષા કરી ઘરને ફરીથી નવજીવન આપવા પ્રયાસો થતા હોય છે. આ જ અભિયાન દેશમાં બારેમાસ ચાલે તો સ્વચ્છ ભારત મિશન થઈ જાય છે અતિ જરૂરી છે. સ્વચ્છતાથી દિવ્યતા નજીક આવે છે. દેવદર્શનનો મોટ મહિમા છે પરંતુ હવે આ ઔપચારિકતાથી વધુ કંઈ દેખાતું નથી. ભગવાન સાથે સીધો સંવાદ જે કરી શકે તે નિત્ય દિપાવલીનો હક્કદાર થાય છે. માણસમાં પણ ઈશ્વર વસે છે એ સમજવું એ સૌથી મોટું તત્ત્વજ્ઞાન છે, પથ્થરમાં દેવ દેખાય પરંતુ સજીવમાં એ દેખાય નહીં તો દિવાળીની ઉજવણી સમજો કે અધૂરી છે !! યાદ રાખો કે આટલી વિશાળ સૃષ્ટિ-વિચારોની બનેલી છે, તેમાં પ્રેમઆનંદ માટે પ્રયાસ કરવાની જગ્યાએ ઉગ્રવાદનાં પ્રયાસો થાય છે. સામાજિક જીવનને ખરા ઉપાધિની હોળી ઊભી થઈ જાય છે. સામાજિક જીવનનો ખરા સ્વરુપમાં સમજાવવા માટે દિવાળીની જે તક મળે તેને સૌએ સાચા ભાવથી ઝડપી લેવી જરૂરી છે.

બનાકર 'દીયે' મિટી કે
જરા સી આસ પાલી હે
મેરી મહેનત 'ખરીદો' લોગોં
'મેરે ઘેર' ભી 'દિવાલી' હે.

શેર આસ્વાદ :

ટચલી આંગળીથી તણખલું પણ તૂટે એમ નથી અને જિંદગી અહીં ગોવર્ધન થઈને બેઠી છે.